# ભિલોડાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા

ભિલોડા,તા.૧૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વિવિધ અંતરીયાળ ગ્રામ્યવિસ્તારોમાં ઠેર-ઠેર પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે.લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલા હેન્ડપંપો શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.ઉનાળાની સિઝન દરમ્યાન એક તરફ પાણીનો વપરાશ વધતો હોય છે ત્યારે પીવાના પાણીની સમસ્યા સર્જાતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.



ઉનાળાના પ્રારંભે અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં કુવા, રીંગબોર, નદી, નાળા, તળાવો, જળાશયોમાં પાણી એકા-એક ઓસરી જતાં આગામી ઉનાળાની સિઝન દરમ્યાન પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

અબોલા પશુ,પંખીઓની દયનીય હાલત છે.અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર-ઠેર પીવાના પાણીના પોકાર સંભળાય છે.ગ્રામ્ય વિસ્તારોમાં લાખ્ખો રૂપિયાના ખર્ચે બનાવેલા લાખ્ખો રૂપિયાની કટકી કરી બનાવેલા હેન્ડપંપો શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે.આકાશમાંથી અગનગોળા વરસતાં હોય તેવું વાતાવરણ સર્જાતાં આગામી દિવસોમાં ગરમીનું તાપમાન વધશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે.અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં કુવા,રીંગબોરમાં પાણી ઓસરી જતાં પીવાની પાણીની ગંભીર સમસ્યા વધુ વિકટ બનશે તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકામાં હાથમતી,ઈન્દ્રાસી,મેશ્વો નામના ત્રણ મોટા જળાશયો આવેલા છે પરંતુ જળાશયોમાં ચોમાસા દરમ્યાન ભરાતા પાણીનો યોગ્ય લાભ પ્રજાજનોને મળતો નથી.ભિલોડા તાલુકામાં વિવિધ ગ્રામ્યવિસ્તારોમાં પીવાના પાણીનો અને સિંચાઈના પાણીનો પ્રાણ પ્રશ્ન ક્યારે હલ થશે તેમ લોકમુખે ચર્ચાય છે.હજ્જારો હેક્ટર ખેતીલાયક ફળદ્રુપ જમીનો સિંચાઈના પાણીના અભાવે પડતર રહેતાં ખેતરો ઠેર-ઠેર સુકાભઠ્ઠ દેખાતા હોય છે.ખેડુતોને વ્યાપક નુકશાન સહન કરવાનો વારો આવતો હોય છે.ભુગર્ભ જળસ્ત્રોત ઉંડા ઉતરતાં ખેડુતો ચિંતીત છે.

ભિલોડા તાલુકાના જેસીંગપુર, હાથીયા, મહેરૂ, નવા ભેટાલી, વાંકાનેર, ભાણમેર, જેતપુર સહિત વિવિધ અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્યવિસ્તારોના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ પીવાના પાણીની ગંભીર સમસ્યા હોવાના કારણે મહિલાઓને દુર-દુર સુધી પીવાના પાણી ભરવા માટે સીમાડા ખુંદવા પડતા હોય છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા પીવાનું પાણી અને સિંચાઈના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવા પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરોના કારણે ભુગર્ભ જળસ્ત્રોત ભયજનક રીતે દિન-પ્રતિ-દિન ઉંડા ઉતરતાં આગામી સમય દરમ્યાન પાણીની તીવ્ર તંગી વર્તાશે તેમ જાણવા મળેલ છે.



ભિલોડા તાલુકામાં વર્ષો પહેલાં વિવિધ નદીઓ બારેમાસ વહેતી હતી ત્યારે દસ થી પંદર ફુટના કુવામાં બારેમાસ પીવાનું શુધ્ધ પાણી મળી રહેતું હતું.સરકાર ધ્વારા ખેત તલાવડી,આડબંધ,બોરીબંધ,ચેકડેમો ધ્વારા ચોમાસા દરમ્યાન વરસાદી પાણી ભુર્ગભમાં ઉતારવાના ભગીરથ પ્રયાસો હાથ ધર્યા હતા પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે વિવિધ સરકારી યોજનાઓ લાભાર્થીઓ,કોન્ટ્રાક્ટરો,એજન્સી સંચાલકો,અધિકારીઓને માલામાલ કરી દેતા માત્ર નામ પુરતા પાણી સંગ્રહના સ્ત્રોત પણ અદશ્ય થઈ રહ્યા છે ત્યારે ભુર્ગભ જળ સ્ત્રોત ઉંડા ઉતરતાં તેની વિપરીત અસર દેખાઈ રહી છે.

રાજ્ય સરકાર ધ્વારા મોટી મોટી ગુલબાંગો ફુંકવામાં આવે છે પરંતુ વિવિધ યોજનાઓ હેઠળ પીવાના પાણીની,સિંચાઈના પાણીનો પ્રશ્ન બાબતે હથેળીમાં ચાંદ બતાવવામાં આવે છે પરંતુ વાસ્તવિક પરીસ્થિતી કંઈક અલગ જ હોય છે તેમ લોકમુખે જાણવા મળેલ છે.ભિલોડા તાલુકામાં ત્રણ મોટા જળાશયોમાંથી પાઈપલાઈનો મારફતે નદીઓ વહેતી કરવામાં આવે અને તળાવો ભરવામાં આવે તો જળસ્ત્રોત ઉપર આવી શકે તેમ લોકમુખે ચર્ચાય છે.




## પાલનપુરના એટીએમ ખાલી : નાણાં ઉપાડવા માટે વલખાં મારવા પડ્યા

બનાસકાંઠાના પાલનપુર શહેરમાં આવેલ મોટાભાગના એટીએમ બંધ હાલતમાં પડેલા છે.જેના કારણ શહેરીજનો તેમજ ગામડાઓમાંથી આવતા લોકોને નાણા માટે ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારતીય રિજર્વ બેન્ક દ્વારા બેંન્કોની માગણીના સામે ઓછા નાણા આપવામાં આવી રહ્યા હોવાંનુ જાણવા માળી રહ્યું છે.જેના કારણે બેંન્કો દ્વારા ગ્રાહકોને પુરતા પ્રમાણમાં નાણા ચુકવવામાં આવતા નથી.ત્યારે બિજી તરફ ત્રણ દિવસ સુધી રજા છે.અને પાલનપુર શહેરના મોટાભાગના એટીએમ બંધ હાલતમાં પડેલા છે. અત્યારે લગ્નની સિજન ચાલી રહી છે.ત્યારે શહેર અને ગામડાઓ માંથી ખરીદી માટે બજારમાં આવેલા લોકોને ખરીદી કરવાના વખતે નાણા ખલાસ થઈ જાય તે સમયે એટીએમ મસીન તરફ દોટ મુકે છે પરંતુ પાલનપુર શહેરમાં આવેલા મોટાભાગના એટીએમ બંધ હાલતમાં હોવાથી લોકોને પારાવાર મુસ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## ડૉ. પ્રવીણ તોગડિયાના સમર્થનમાં અરવલ્લી વીએચપીના ૫૦થી વધુ કાર્યકરોના રાજીનામાં

શનિવારે ગુરુગ્રામમાં યોજાયેલી ચૂંટણીમાં વિશ્વ હિન્દૂ પરિષદના નવા અધ્યક્ષ તરીકેની ચૂંટણીમાં ડૉ.પ્રવીણ તોગડિયાના નિકટના મનાતા અને સમર્થક રાઘવ રેડ્ડીને હરાવવા થયેલા કાવાદાવા ના પગલે તોગડિયાએ વિશ્વ હિન્દૂ પરિષદ સાથેનો નાતો તોડીને તેમાંથી અણધારી વિદાય લેતા અને છેલ્લા કેટલાય સમયથી ડૉ.પ્રવીણ તોગડીયા સાથે કરવામાં વર્તનના પગલે અરવલ્લી જીલ્લાના વીએચપીના અને બજરંગદળના કાર્યકરોમાં ખળભળાટ મચી ગયો હતો અને તોગડિયાના ૩૨ વર્ષના હિંદુઓ અને રામમંદિરના નિર્માણ માટેના કાર્યોનો અણધાર્યો અંત લાવવાનો પ્રયત્ન થતા તેમના સમર્થનમાં પ્રાંત વિભાગ,પ્રખંડ અને શહેરના હોદેદારો અને કાર્યકરોએ



રાજીનામાં ધરી દીધા હતા વીએચપીના જિલ્લા વિભાગ મંત્રી કિરીટ શાહ, સંજય ભાવસાર અને કનુભાઈ પટેલે વીસએચપીનાં સરકારીકરણ કરવાના પ્રયત્ન ને શખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી.



### મોડાસામાં વાય.બી.એ ટીમે ભીમ દિવાળીની ઉજવણી કરી

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં યંગ બ્લડ એસોસિએશન (વાય.બી.એ) ની ટીમ સતત ૨૭ માં વર્ષે પણ ડૉ.બાબા સાહેબ આંબેડકર ની ૧૨૭ મી જન્મ જયંતિ નીમીત્તે કૃષ્ણનગર, ઋષિકેશ અને નિજાનંદ નગર સોસાયટીના પટાંગણમાં અને ઘરે ઘરે દીવડા પ્રગટાવી ભીમ દિવાળીની ઉજવણી કરી સોસાયટીના બાળકોની સુસુપ્ત અવસ્થા બહાર લાવવા સાંસ્કૃતિક કાર્યક્રમો અને તેજસ્વી તારલાઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત અબાલ,વૃદ્ધ સૌકોઈ એ કેન્ડલ માર્ચ દ્વારા ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નીમીત્તે સામુહિક ભીમ દિવાળીની ઉજવણી કરી હતી.

## મોડાસા ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી

મોડાસા, તા. ૧૫

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૭મી જન્મ જયંતિ ઉજવણી પ્રસંગે મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારે ડૉ. આંબેડકરની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત તા. ૧૪-૦૪-૨૦૧ટી તા. ૦૫-૦૫-૨૦૧૮ સુધી ઉજવણી કરવામાં આવનાર છે. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ગાંધીનગર દ્વારા તેમજ અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સામાજિક સંવાદિતતા તથા અંતરિયાળ વિસ્તારમા ગરીબ લાભાર્થીઓ સુધી આ યોજનાની વિગતો મળે તેમજ લાભાર્થીઓને વધુમાં વધુ સરકારની યોજનાઓનો લાભ મળે, તે માટે સામાજિક સમરસતા કરવાની અને ખેડૂતોની આવક દિવગુણીત કરવા ઝુંબેશના ભાગરૂપે અરવલ્લી જિલ્લા કલેકટરના પ્રવચનમાં તેમણે આંબેડકરના વિચારોને અનુસરવા તેમજ તેમના જીવન કવનને લગતા વિચારોને અનુસરવા લોકોને અનુરોધ કર્યો હતો. તેમજ ગુજરાત સરકારના ૨૧,૦૫૮ ગામોને જન કલ્યાણકારી યોજનાઓનો સો ટકા લક્ષ્યાંક પ્રાપ્તિનો સંકલ્પ કરવા અનુરોધ કર્યો હતો. અરવલ્લી અર્બન હૅલ્થ સેન્ટર ખાતે જિલ્લા કલેકટર તેમજ જિલ્લા વિકાસ અધિકારી ડૉ. બાબા સાહેબ આંબેડકરની ફુલહાર વિધિનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

જિલ્લા કક્ષાએ ધોરણ-૧૦ અને ૧૨માં પ્રથમ નંબર મેળવેલ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સન્માન તેમજ ઈનામપત્રો આપવામાં આવ્યા હતા.



### પ્રાંતિજ ખાતે આંગણવાડીના બાળકોનું વજન કરવામાં આવ્યું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ આંગણવાડી ના ભુલકાઓનું સારીરીક તંદુરસ્તી ને લઈને વોર્ડ ના કોર્પોરેટરો દ્વારા વજન કરવામાં આવ્યું. પ્રાંતિજ તપોધન ફડી ખાતે આવેલ આંગણવાડી તથા ભોઈવાસ ખાતે આવેલ આંગણવાડી ના ભુલકાઓનુ વોર્ડ ના કોર્પોરેટરો દ્વારા વજન કરવામાં આવ્યું જેમાં આ પ્રસંગે નગરપાલિકા ના મહિલા પ્રમુખ ગીતાબેન પટેલ તથા કોર્પોરેટરો રાજેશભાઈ ટેકવાણી, દિપ્તીબેન બ્રહ્મભટ્ટ, નિખીલભાઈ પટેલ, રીટાબેન સહિત નગરપાલિકા ના કોર્પોરેટરો ઉપસ્થિત રહીને આંગણવાડી ના બાળકો નું વજન કરવામાં આવ્યું હતું તો તાલુકા હેલ્થ વિભાગ ટીમ ના ડા. પ્રકાશભાઈ પણ આંગણવાડી માં ઉપસ્થિત રહીને સગર્ભા મહિલાઓ ભુલકાઓને ચકાસણી બાદ દવાઓ આપી માર્ગ દર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.

### કાયદો અને કાનૂન ● ચોથા પાનાનું ચાલું

ઈન્સ્પેકટર બની લોકોને ઠગે છે.

ઈન્ટરનેટ યુગમાં યંગસ્ટર ઈઝી મની મેળવવા કોલ સેન્ટરના કાળા કારોબારમાં મને કમને વિદેશી નાગરિકોને છેતરપીંડીમાં જોતરાય છે. ચોરેને ચોટે ચાલતા કોલ સેન્ટરો ગૃહ ઉદ્યોગની જેમ ફુલ્યા ફાલ્યા છે અને ગેરકાયદેસર પ્રવૃત્તિમાં યુવાધનને જોતરી ગેરકાયદેસર રીતે છેતરપીંડી આચરી નાણા કમાય છે.

સુડન્ટ વિઝા ઉપર વિદેશ ભણવા મોકલવાના બહાને વિઝા અપાવવામાં જોબ અપાવવાના નામે યુવા ધન સાથે છેતરપીંડી આચરવામાં આવે છે. યુવાના નામે ફેક એકાઉન્ટ ખોલી વિદેશથી હવાલાના નાણા મંગાવી યુવાઓને ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં જોતરી છેતરપીંડી આચરે છે અને ભુલમાં ફેટા, ફેમાના કાયદાના ભંગ બદલ સજા પામે છે.

બિલ્ડરો દ્વારા બેન્કમાં ગીરો મુકેલ ફલેટ ગ્રાહકોને બારોબાર વેચી નાણા પડાવી બેન્ક લોન ના ચુકવતા પરિણામે બેન્ક દ્વારા ફલેટ જપ્તીમાં લેતા ગ્રાહકોને છેતરાયાનું ભાન થાય છે. જપ્તી સમયે બિલ્ડર પલાયન થઈ પેઢી બંધ કરી દે છે ભાગી જાય છે પરિણામે ફલેટ ધારકો બેઘર બની જાય છે.

ઈન્ટરનેટના વધુ પડતા વપરાશના કારણે ઓનલાઈન ઠગોની ટોળી આંતર રાષ્ટ્રીય સ્તરે ઉભી થઈ દુનિયાના ખુણે બેસી દુનિયાના બીજા ખુણામાં રહેતા લોકો સાથે ઠગાઈ કરે છે અને સાયર ક્રાઈમનો ગુન્હો આચરી સીફતાથી છટકી જાય છે પોલીસ વિદેશમાં વસતા આરોપીને પકડવા અસમર્થ હોય તેનો પુરેપુરો લાભ આવી ટોળી ઉઠાવી ભોળા લોકોને છેતરે છે ૩૦૦૦ થી વધારે ફરીયાદમાં લોકોએ કરોડો રૂપિયા ગુમાવ્યા છે. લાલચમાં મુકાયા તો છેતરાયા જાણજો ચેતના નર સદા સુખી સાવધાની એજ ઉપ્ય છે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

એટ્રોસિટી પ્રતિબંધક ધારાની જોગવાઈ કરવાની ભૂમિકા પણ સર્વાનુમતે લેવામાં આવી છે. ૧૯૪૭માં ભારતને આઝાદી મળી એ વેળા તો અસ્પૃશ્યતાનું કલંક વધુ પ્રચલિત હતું. માત્ર રાજકીય આઝાદી નહીં, સામાજિક ન્યાય સાથેની સ્વતંત્રતા માટેની ડૉ.આંબેડકરની આગ્રહી ભૂમિકાએ દલિત-આદિવાસીઓને સુરક્ષા માટેની કાનૂની જોગવાઈઓ કરવા પ્રેર્યા હતા. સમયાતંરે અસ્પૃશ્યતા ચલણમાં ઘટતી ગઈ કારણ કે એને કાનૂનવિરોધી ગણાવાઈ હતી. પણ હજુ આજે પણ દલિત-આદિવાસી પરના અત્યાચારના સત્તાવાર રીતે નોંધાયેલા કેસનું પ્રમાણ વધતું જાય છે. વર્ષ ૨૦૧૪-૧૬ દરમિયાન ભારતનાં વિવિધ રાજ્યોમાં આવા ૧,૧૯,૮૭૨ કિસ્સા નોંધાયાનું ભારત સરકારના ક્રાઈમ રેકર્ડ બ્યૂરોના અહેવાલ દર્શાવે છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના આંકડા તમામ રાજ્યોમાં પોલીસના ચોપડે નોંધાયેલા ગુનાનો જ સમાવેશ કરે છે. નહીં નોંધાયેલા ગુના અલગ. સમયાંતરે એટ્રોસિટીના આવા કિસ્સાઓમાં અમલમાં લવાતી કાનૂની જોગવાઈ હળવી કરવાની કોશિશો થતી રહે છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આ કાનૂનને રદ કરવાને બદલે આરોપીની ધરપકડ પૂર્વે પોલીસની તપાસનો આગ્રહ રાખ્યો અને ભડકો થયો. સુપ્રીમ કોર્ટે પણ ખુલાસો કરવો પડ્યો કે અમે કાયદાને રદ કર્યો નથી. ભારત સરકારે રિવ્યૂ પીટિશન દાખલ કરવી પડી. અદાલત પોતાની ભૂમિકા પર અટળ રહી. જોકે મામલો કાયદાકીયને બદલે રાજકીય વધુ બન્યો હોવાથી ભાજપ સહિતના તમામ રાજકીય પક્ષોએ એને ગંભીરતાથી લેવાની ફરજ પડી છે. ચૂંટણીલક્ષી અસરોનો સૌ કોઈ વિચાર કરે છે.

લોકશાહી દેશ ભારતમાં તમામને સમાન ન્યાય મળે એ અપેક્ષિત છે. એ માટે અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય અને આંદોલન ચલાવવાની પણ તમામને છૂટ છે. કમનસીબે ટોળાને ઉશ્કેરીને રાજકીય લાભ ખાટવાની વૃત્તિ તમામ રાજકીય પક્ષોમાં જોવા મળે છે. હકીકતમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ દિશામાં સમજણના સેતુ રચાય તથા ડૉ.આંબેડકર જે રીતે તર્ક અને દસ્તાવેજી હકીકતો રજૂ કરીને પોતાની વાત મૂકતા હતા, એવી સમજણ સાથે સમજદાર નાગરિકો આગળ વધે તો જ લોકશાહી મજબૂત બને.

- haridesai@gmail.com

### સોનેરી સફર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બોલાવ્યો છે. કુલ ૬૬ ચંદ્રકો ભારતે જીત્યા છે જેમાં ૨૦ સિલ્વર અને ૨૦ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ૨૦૧૪માં ગ્લાસગોવ કોમનવેલ્થ ગેમમાં જીતેલા ૬૪ ચંદ્રકો કરતા પણ આ વખતે ભારતીય ટીમનો દેખાવ વધારે શાનદાર રહ્યો છે. ગોલ્ડ કોસ્ટમાં ભારતીય ટીમે આ વખતે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ બાદ ત્રીજા સ્થાને રહીને તમામને ચોંકાવી દીધા છે. ભારતનો શાનદાર દેખાવ આવનાર સમયમાં જારી રહે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. બારતે ૧૫ રમતોમાં ભાગ લઈને ૯માં મેડલ જીત્યા છે. ભારતે દિલ્હી કોમનવેલ્થ ગેમ્સમાં ૧૦૧ ચંદ્રકો જીત્યા હતા જ્યારે ૨૦૦૨માં માન્ચેસ્ટર ખેલમાં ૬૯ ચંદ્રકો જીત્યા હતા. ભારત માટે શૂટિંગ ઈવેન્ટમાં મોટી સફળતા જોવા મળી હતી. શૂટિંગમાં આ વખતે ભારતીય શૂટરોએ સાત સુવર્ણ ચંદ્રક જીતી સપાટો બોલાવ્યો હતો. કુલ ૧૬ ચંદ્રકો ભારતે આ વખતે જીત્યા હતા. ભારત તરફથી અનિશ ભાનવાલા, મેહુલી ઘોષ, મનુ ભાકર જેવા યુવા ખેલાડીઓએ બાજી રાખી હતી. આ યુવા શૂટરો ઉપરાંત હિના સિંધુ, જીતુ રાય, તેજસ્વીની સાવંત જેવા અનુભવી શૂટરો પણ છવાયેલા રહ્યા હતા.

જો કે, ગગન નારંગ માટે આ કોમનવેલ્થ ગેમ્સમાં નિરાશા રહી હતી. ભારતે વેઈટલિફિંટગમાં પણ નવ ચંદ્રક જીત્યા છે જેમાં પાંચ ગોલ્ડ, બે સિલ્વર અને બે બ્રોઝનો સમાવેશ થાય છે. મીરાબાઈ ચાનુ, સંજીતા ચાનુએ ભારતને ગોલ્ડ અપાવ્યા હતા. જ્યારે પૂનમ યાદવે પણ ગોલ્ડ જીતવામાં સફળતા મેળવી હતી. બેડમિંટનમાં પણ ભારતે કુલ છ ચંદ્રક જીત્યા છે. ભારતે મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતવાની સાથે સાથે મહિલા સિંગલ્સમાં ગોલ્ડ અને સિલ્વર બંને જીત્યા હતા. મહિલા સિંગલ્સ ફાઈનલમાં સાઈના નેહવાલે ભારતની જ પીવી સંધુ ઉપર જીત મેળવી હતી. પુરુષોના સિંગલ્સમાં ભારતના કિદાંબી શ્રીકાંતને ફાઈનલમાં ઓલિમ્પિક સિલ્વર મેડાલિસ્ટ મલેશિયાના લી ચેંગ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. જો કે, ભારતીય ટીમનો દેખાવ ધરખમ રહ્યો હતો. ટેબલ ટેનિસમાં ભારતીય મહિલા અને પુરુષ ટીમે ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. મહિલા સિંગલ્સમાં મનિકા બત્રાએ ગોલ્ડ મેડલ અને પુરુષ ડબલ્સ અને મહિલા ડબલ્સમાં ભારતને સિલ્વર મેડલ મળ્યા હતા. બોક્સિંગમાં ભારતે નવ ચંદ્રક જીત્યા હતા જેમાં ત્રણ ગોલ્ડ, ત્રણ સીલ્વર અને ત્રણ બ્રોન્ઝનો સમાવેશ થાય છે. મેરી કોમે ગોલ્ડ જીતીને સાબિતી આપી હતી કે, વયની તેના ઉપર કોઈ અસર દેખાઈ રહી નથી. એથ્લેટિક્સમાં પણ ભારતને ત્રણ ચંદ્રક મળ્યા હતા. હોકીમાં ભારતીય ટીમનો દેખાવ નિરાશાજનક રહ્યો હતો. પુરુષ અને મહિલા બંને ટીમો બ્રોન્ઝ મેડલની સ્પર્ધામાં હારી ગઈ હતી. આજે બેડમિંટનમાં ફાઈનલ મેચમાં સાયનાએ સિંધુ ઉપર જીત મેળવી હતી.

### વટહુકમ લાવવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર અટકાયત ધારા ૧૯૮૯માં સુધારા કરી શકાય છે. આ સુધારા મારફતે દલિત સમુદાયના લોકોને વિશ્વાસમાં લઈ શકાય છે. સરકાર પાસે જે વિકલ્પો રહેલા છે તેમાં વટહુકમ લાવવા, અગાઉના કાયદામાં સુધારા કરવા બિલ રજૂ કરવાના વિકલ્પ સામેલ છે. જાણકાર લોકોનું કહેવું છે કે, જો વટહુકમ લાવવામાં આવશે તો તેને પણ સંસદ દ્વારા બિલમાં ફેરવીને પસાર કરવાની જરૂર રહેશે. આ બે કવાયતોના પરિણામ મૂળભૂત જોગવાઈઓને ફરી સ્થાપિત કરવાના છે પરંતુ વટહુકમથી તરત પરિણામના લાભ મળી શકે છે. લોકોમાં નારાજગીને તરત જ દૂર કરી શકાય છે. બીજી એપ્રિલના દિવસે દલિત સમુદાયના લોકોએ ભારત બંધની હાકલ કરી હતી. આ ગાળા દરમિયાન મોટા પાયે હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ૧૩થી વધુ લોકોના મોત થયા હતા. ૨૦મી માર્ચના દિવસે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા સામેના વિરોધમાં દલિત સમુદાયના લોકોએ ભારત બંધની હાંકલ કરી હતી. ભારત બંધ દરમિયન રાજસથાન, મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાં વ્યાપક હિંસા થઈ હતી. દલિત સમુદાયના અધિકારોના રક્ષણ માટે સરકાર નિષ્ફળ રહી છે તેવા આક્ષેપો વિપક્ષ દ્વારા કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે પોતે કહી ચુક્યા છે કે, તેમની સરકાર એસસી અને એસટી પર અત્યાચારને રોકવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે. કોઈપણ જોગવાઈ નાબૂદ કરવામાં આવશે નહીં. મોદીએ એવી ખાતરી પણ આપી હતી કે, અમને મજબૂત કરવા માટે બનાવવામાં આવેલા કાયદાને સુપ્રીમ કોર્ટ દ્વારા અસર થાય તેવી કોઈ જોગવાઈને તક આપવામાં આવશે નહીં. બીજી બાજુસુત્રોનું કહેવું છે કે, હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજી ઉપર સુનાવણીને લઈને હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં કહ્યું હતું કે, કોઈપણ પ્રકારના મામલામાં તરત ધરપકડ થઈ શકશે નહીં.

### વિશ્વાસઘાત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બંનાવવાનો મુદ્દો ઉઠાવવાનું બંધ કરું નહી તો વિહિપ છોડું. પ્રશ્ન સંસ્થાનો નથી કરોડો જનતાની ઈચ્છાનો છે, સરકારે પ્રજાને આપેલ વાયદા પુરા કર્યા નથી. સત્તામાં આવ્યા પછી વચન પાળ્યા નથી. ગૌ હત્યા, રામ મંદિર અને ખેડૂતો મુદ્દે હું નરેન્દ્ર મોદીને આગ્રહ કરી રહ્યો છું.. કે સમસ્યાનો અંત લાવે. ડો.તોગડિયાએ સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ વિહિપમાં હવે નથી પરંતુ હજારો કાર્યકર્તાઓ અને કરોડો હિન્દુઓ તેમની સાથે છે. તેમને તમિલનાડુ ઓરિસ્સા અને સમગ્ર ભારતમાંથી લોકોનો સાથ સહકાર મળી રહ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદના નવા પધાધિકારીને ગૌ હત્યા, ખેડૂતો દેવા માફ અને રામ મંદિરનો વાયદો પૂરો કરાવડાવે તે માટે અનુરોધ કરીશ. સત્તામાં મદમસ્ત લોકો મારો અવાજ દબાવી રહ્યા છે પણ કરોડો કાર્યકર્તાઓ મારી સાથે છે.ડો.તોગડિયાએ મોદી પર સીધા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈને વચન પાલન કરાવવા માટે હું સત્યાગ્રહ કરવા જઈ રહ્યો છું. નરેન્દ્ર મોદીની પોલીસે ૩૦૦ હિંદુઓને મારી નાખ્યા. મેં નરેન્દ્ર મોદીની આંખમાં ક્યારેય આંસુ નથી જોયા. કારસેવકોના બલિદાનથી ભાજપને સતા મળી અને હવે સત્તામાં આવ્યા બાદ હિન્દુઓને આપેલા વચનો ભૂલી ગયા. એટલું જ નહી, સત્તામાં આવ્યા બાદ ગૌરક્ષકોને હત્યારા કહેવામાં આવ્યા. કાશ્મીરમાં સેના પર પથ્થરમારો કરનાર ૯ હજાર રાષ્ટ્રદ્રોહી તત્વો સામે કેસ પાછા ખેંચવામાં આવ્યા. મારા મોટા ભાઈ નરેન્દ્ર ભાઈથી મારો મોહભંગ ચાર વર્ષથી થયો છે. ૨૦૧૯માં નરેન્દ્ર મોદીએ હવે નક્કી કરવાનું છે કે તેમને હિંદુઓનો સાથ લેવાનો છે કે નહીં.